ચાવીરૂપ પાકમાં સંશોધન હાથ ધરવા માટે

# મહિન્દ્રા એગ્રી સોલ્યુશને નેધરલેન્ડ ખાતેની કીજિન સાથે કરેલું જોડાણ

પીટીઆઇ
નવી દિલ્હી, તા. ૨૫

મહિન્દ્રા ગ્રૂપ કંપની મહિન્દ્રા એગ્રી સોલ્યુશન્સ લિમિટેડ અને નેધરલેન્ડ સ્થિત કંપની કીજિને ચાવીરૂપ પાકમાં સંશોધન હાથ ધરવા માટે જોડાણ કર્યું છે. કીજિન પાક નવીનીકરણ કંપની છે. તે ભારત અને યુએસમાં પણ ઉપસ્થિત છે. મહિન્દ્રા એગ્રી સોલ્યુશન્સ લિમિટેડ (એમએએસએલ) મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડની પેટા કંપની છે અને ૨૦.૭ અબજ ડોલરનું કામકાજ ધરાવતા મહિન્દ્રા ગ્રૂપનો હિસ્સો છે. કંપનીના પાક નવીનીકરણ પ્લેટફોર્મ બજાર સંબંધિત વિશિષ્ઠતા અને આર્થિકરીતે મહત્ત્વના વિકાસ માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ ટેકનોલોજીનું જોડાણ પાકની વધુ સ્થિતિસ્થાપક જાત અને ઊચ્ચ ઉત્પાદક ઉપજ ધરાવશે, તેમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. જોડાણ બાયોટીક દબાણને પાક પ્રતિકારકની ખાતરી કરશે જેમાં દુષ્કાળ અને ગરમી અને એમએએસએલના માલિકીના જંતુનાશકમાં રોગ એન પેસ્ટ જેવા બાયોટીક દબાણનો સમાવેશ થાય છે. અમે આધુનિક ખેતી જે ખેતી ૩.૦ને કટિબદ્ધ છીએ જે ટકાઉ વૈશ્વિક ટેકનોલોજી ઉપાયેગ કરીને ઉકેલ અને ચોક્કસ ઉત્પાદનની જોગવાઇ દ્વારા સંપુર્ણ કૃષિ ઇકોપદ્ધતિ વધારવા માટે આધુનિક ટેકનોલોજીની શ્રેણીનો સમાવેશ થાય છે, તેમ કંપનીના એમડી અને સીઇઓ અશોક શર્માએ જણાવ્યું હતું. કંપની ભારત અને નવા ભૌગોલિક બંને માટે વધુ લવચીક પાક અને ઊચ્ચ ઉત્પાદક વિકસાવવા માટે વિશિષ્ઠ પ્લેટફોર્મ અને આધુનિક ટેકનોલોજી અને કીજિન કુશળતાનો લાભ લેશે.